**કેટલાક ચોરપણ અજબ હોય છે. શહેરમાં હમણાં એક એવો ચોર પેદા થયો હતો, જે પ્રાચીન કલાત્મક ચીજોની યાને એન્ટિકની દુકાનોમાં ચોરી કરતો હતો. પણ એની અજબ વાત એ હતી કે એ બસો-પાંચસો-હજાર રૂપિયાની જ ચીજની તફડંચી કરતો! એટલું જ નહીં, ક્યારેક ચોરાયેલી ચીજ એના સ્થાને પાછી આવી જતી!**

# કમાલ છે! ચોર ચોરાયેલી ચીજ પાછી શા માટે મૂકે?

**બધાનું નુકસાન થયું હોય તો વીસ રૂપિયા વળતર મંજૂર કરે! હવે એ લોકો પણ કહેવા લાગ્યા છે કે આવા ચૂંથણામાં અમારો વખત ન બગાડો, તમારા નુકસાન કરતાં વધારે તો અમારી સ્ટેશનરીનો ખર્ચ થાય છે!**

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

## ફાલ્ગુનીનો અજબ પ્યાર-1

ગૃહસુશોભન બાબતે હવે ગુજરાતીઓ સભાન બનતા જાય છે. ધાતુઓ, પથ્થરો, કાષ્ઠની અને છેવટે પ્લાસ્ટર ઑફ પૅરિસની મૂર્તિઓ હવે અસંખ્ય ઘરોમાં જોવા મળે છે. ધાતુનાં, ચીનાઈ માટીનાં, કાચનાં સુશોભિત પાત્રો, ચાકળા, ચંદરવા, પ્રાચીન રાચરચીલું, તોરણ, લટકણિયાં, ઝુમ્મર... પ્રથમ તો આ બધો કલાવારસો વિદેશીઓને વેચીને કલદાર કમાવવામાં ગુજરાતીઓ આગળ રહ્યા. પણ પછી નવધનિક વર્ગ પેદા થવા લાગ્યો. મહેણાંનો પટેલ અમદાવાદ આવીને કારખાનેદાર બન્યો અને ખૂબ કમાયો. એથી પોતાને ગુપ્ત યુગનો સીમંત શ્રેષ્ઠી માનવા લાગ્યો. એણે ઘરવાળી પટલાણીને વસંતસેના અને આમ્રપાલી સમી સજાવવા માંડી. પછી ઘણી સજાવટ આદરી. ગાંધીજીની નિશાળમાં ઉછરેલા મારા જેવા તો અમદાવાદના સી.જી. અને એસ.જી. રોડની અને અન્ય ‘એન્ટિક’ શોપ્સ જોઈને માન્યામાં પણ નથી આવતું કે આ ગુજરાત છે...!

પણ જે સત્ય છે એનો સ્વીકાર કરવો રહ્યો. વળી, સૌંદર્યલક્ષી છે માટે એનો પુરસ્કાર કરવો રહ્યો. ગજવું ભારે હોય ત્યારે હું પણ આવી એકાદ એન્ટિક યાને પુરાતત્ત્વની ચીજ લઈ આવું છું. મારા મિત્રો ડિટેક્ટિવ અજય વર્મા અને એની ‘પાર્ટનર’ રાધિકા ચેટરજીને પણ મારો આ ચેપ લાગ્યો છે. ખાસ કરીને રાધિકા તો હવે કોઈના પણ જન્મ, લગ્ન, સિદ્ધિ જેવા પ્રસંગે કશીક કલાત્મક જૂની ચીજ ભેટ આપવા જ ઉત્સુક રહે છે. અને અજયના પિતા, કર્નલ (રિટા.) વર્માની એક્સઠમી જન્મતિથિ નજીક આવી ત્યારે એ સ્નેહાળ વડીલને અર્પણ કરવા એણે કોઈક ફાંકડી એન્ટિક ચીજની શોધ આદરી.

અને એ શોધ દરમિયાન જ એ ગુનાશોધમાં અટવાઈ ગઈ! એક બપોરે એણે પોતાના સ્કૂટરની સ્ટાર્ટ કી ગુમાવી અને સ્કૂટરને ધકેલ્યું. વહેલો આવે સી.જી. રોડ! થોડી વારે એ મુકુલ ગાંધીની એન્ટિક શોપમાં દાખલ થઈ ત્યારે એક પ્રકારની ડલનેસનો, ઉદાસીનો અનુભવ થયો. મુકુલ પોતાની કેબિનના પડદા પાડીને અંદર ભરાઈ બેઠો હતો. પચાસેકની ઉંમરનો એનો સેલ્સમેન નૃપેશ ઝવેરી પોતાના સ્ટૂલ પર આંખો મીંચીને અદબ ભીડીને બેઠો હતો. દુકાનમાં બીજું કોઈ નહોતું. અને ગ્રાહકો વિના બત્તીઓ શી બાળવી, એવા ખ્યાલે દુકાનની ઘણીખરી બત્તીઓ બંધ રાખી હતી. આથી વાતાવરણની ઉદાસી ઓર ઘનીભૂત બનતી હતી. જોકે, રાધિકાએ કાચનું બારણું ખોલ્યું એટલે નૃપેશની નિંદર ઊડી ગઈ. ‘આવો, રાધિકાબેન.’ એણે આવકાર આપ્યો.

રાધિકા તરત જ જૂની ચીજવસ્તુઓ ધરાવતા ટેબલો અને કબાટો જોતી ફરવા લાગી. એની સાથે જ બત્તીઓ ઝગવતો અને એક અંતર રાખીને ચાલતો નૃપેશ ફરવા લાગ્યો. થોડી વારમાં જ ‘અરે! રાધિકાબેન આવ્યા છે! આવો, આવો!’ કરતો મુકુલ કેબિનમાંથી નીકળી આવ્યો. એ ત્રીસેકની વયનો મહત્ત્વાકાંક્ષી, કુશળ જુવાન હતો. કલાત્મક ચીજવસ્તુઓની પરખની એની નજર બાજનજર ગણાતી. ‘નમસ્તે, મુકુલભાઈ,’ રાધિકાએ હાથ જોડીને અભિવાદન કરતાં કહ્યું, ‘મારે કર્નલ વર્મા માટે મુઘલાઈના જમાનાનું એકાદ વાસણ જોઈએ છે, જેમાં ફ્રૂટ મૂકીને એ બેઠા બેઠા આરામથી ખાય.’ ‘મુઘલાઈનું તો એકેય વાસણ અમારી પાસે નથી.’ ‘આજકાલમાં ક્યાંયથી આવે એમ છે?’ ‘આજકાલ અમે શોકમાં છીએ, રાધિકાબેન. ફરી પાછી એક ચોરી થઈ છે.’ ‘આજે?’ ‘ચોક્કસ કહી ન શકાય કે ચોરી ક્યારે થઈ. હમણાં બપોર પહેલાં અમારા ધ્યાનમાં આવી. એક મહિનામાં બીજી ચોરી!’ ‘શું ચોરાયું છે, હું જાણી શકું?’ ‘રેશમ ઉપર પાકા રંગે ચિત્ર પાડેલી અઢારમી સદીની રાજસ્થાની પામરી.’ ‘મોટો બધો રૂમાલ, જે બાળકને વીંટવા માટે વપરાતો. ઘણી સ્ત્રીઓ માથે



પણ બાંધતી. જૂના રાજસ્થાનમાં પુરુષો ફાળિયા તરીકે વાપરતા.’ ‘અચ્છા, આજે દુકાનમાં કોણ કોણ આવેલું?’

જવાબ માટે મુકુલે નૃપેશ ભણી નજર કરી. નૃપેશે જરાક અચકાતાં જણાવ્યું, ‘વહેલી સવારે પ્રોફેસર નીધર પંડિત આવેલા. તમે જાણતાં હશો. પ્રોફેસર વિદ્યામંદિરમાં સંશોધન કરે છે.’ ‘કશું ખરીદી ગયા?’

‘પ્રોફેસર? એ કશું ખરીદે કદી? એક જૂનો ઘડો સંધાવવા માગતા હતા. કહે કે કુશાણ વંશનો ઘડો છે, અતિશય મોંઘો છે. અમે આવાં રિપેરિંગનાં કામ કરતા નથી. પણ પ્રોફેસરને થોડી જ ના પાડી શકાય? એ કશું ખરીદે નહીં, પણ દસ જણને ખરીદીની ભલામણ કરી શકે.’ ‘હશે. એટલા ખાતર પણ આપણને પ્રોફેસરોની ગરજ છે. પછી બીજું કંઈ?’ નૃપેશને કપાળે કરચલીઓ પડી. ‘અં... અરે, હા, છાબડા નામના એક ભાઈ... અમરચંદ છાબડા આવેલા. કહે કે અમારા રાજસ્થાન કરતાં વધારે રાજસ્થાની ચીજો તમારે ત્યાં મળે છે. થોડીક મારે વતન પાછી લઈ જવી છે.’ મુકુલે પણ વાત ઉમેરી, ‘હા, યાદ આવ્યું. એ રાજસ્થાનની કોઈ કાપડ મિલનો સેલ્સ મેનેજર હતો. રિટ્ઝ હોટેલમાં ઊતર્યો છે. આખરે મુઘલ જમાનાનું એક ચિત્ર ખરીદી ગયો.’

‘કેટલી કિંમતનું?’

‘વીસ હજાર.’

‘અને જે પામરી ખોવાઈ છે, એની કિંમત?’

‘બહુ બહુ તો હજાર રૂપિયા,’ મુકુલે જણાવ્યું. પછી ઉમેર્યું, ‘એક આ વાત પણ વિચિત્ર છે. આ ચોર વિચિત્ર જાતનો છે. છેલ્લા કેટલાક વર્ષોથી લગભગ દરેક એન્ટિક શોપમાંથી આવી નાની નાની ચીજો ચોરાય છે. ખાસ કશી કિંમત વગરની. સામે બારણે હિંગોરાણીની દુકાને ગયા એક માસમાં ત્રણ ચીજો ચોરાઈ છે. દરેક ચીજ ચારસોથી બારસો રૂપિયાની કિંમતની! વળી, બધી નાની નાની ચીજો, જેને આસાનીથી ગજવામાં સરકાવી શકાય.’

‘અને એ ચોર કદી પકડાયો નથી?’ ‘ના.’ ‘અને ચોરાયેલી ચીજો? એક દુકાનમાંથી ચોરાયેલી ચીજો બીજી દુકાનમાં વેચવા કોઈ આવે છે ખરું?’ ‘એની પણ અજાયબ વાત છે, રાધિકાબેન. ચોરાયેલી ચીજો ઈતર જગ્યાએ ક્યાંય વેચાવા આવતી નથી. પણ કેટલીક વાર એવું બને છે કે ચીજ જ્યાંથી ચોરાઈ હોય ત્યાં પાછી આવી જાય છે?’ ‘શું કહ્યું? આપોઆપ પાછી આવી જાય છે?’ ‘હા, બેન. ક્યારેક થોડા દિવસ પછી, ક્યારેક થોડા મહિના પછી, પણ કેટલીક ચીજો પાછી આવે છે. અરે, જે જગ્યાએથી ચોરાઈ હોય ત્યાં જ... ત્યાં જ પાછી આવી જાય છે! એમ જ લાગે કે જાણે વસ્તુ ચોરાઈ નહોતી. માત્ર થોડાક દિવસ માટે અલોપ થઈ ગઈ હતી!’ ‘કમાલ છે! ચોર ચોરાયેલી ચીજ પાછી શા માટે મૂકે?’ ‘રામ જાણે, રાધિકાબેન,’ મુકુલે પોતાને કપાળે, ગાલે, ગળે રૂમાલ ફેરવતાં કહ્યું. ‘પણ આજે આ વાત નીકળી જ છે તો તમને એક વિનંતી કરીએ, બેન. તમે અમારો કેસ હાથ ધરશો?’ ‘મને કહો છો?’ ‘એમ અજાણ્યાં ન બનો, બેન. અમે પણ છાપાં વાંચીએ છીએ. તમે અને અજયબાબુ મળીને અટપટા અપરાધોનાં મૂળ તાગી આપો છો, એ અમે જાણીએ છીએ. મારી એકની જ દુકાન નહીં, સી.જી. રોડની એન્ટિકની બધી દુકાનો વતી કેસ તમને સોંપીએ. તમારી જે ફી હશે તે આપીશું.’

‘પણ તમે પોલીસમાં ફરિયાદ નોંધાવી હશે ને? વળી, તમારા વીમા હશે. તમે વીમા કંપનીઓને પણ ચોરીની જાણ કરતા હશો?’ ‘જાણ તો જરૂર કરીએ છીએ, પોલીસવાળાઓને. પણ એમને ચોરી ખૂબ નાની લાગે છે. હસી કાઢે છે. પાંચસો, હજારની ચોરીને એ ચોરી જ ગણતા નથી! એવું જ વીમા કંપનીનું છે. વીમા કંપનીઓ કેવી હોય છે, સૌ જાણે છે. બધાનું નુકસાન થયું હોય તો વીસ રૂપિયા વળતર મંજૂર કરે! હવે એ લોકો પણ કહેવા લાગ્યા છે કે આવા ચૂંથણામાં અમારો વખત ન બગાડો, તમારા નુકસાન કરતાં વધારે તો અમારી સ્ટેશનરીનો ખર્ચ થાય છે!’ રાધિકાને પણ આ મામલે હસવું આવી રહ્યું હતું. માંડ માંડ એક ચિત્ર જોવાને બહાને આડું જોઈને હસવું છુપાવ્યું. પછી માંડ ગંભીર ચહેરો બનાવીને બોલી, ‘અચ્છા, મુકુલભાઈ, અમે તપાસ કરીશું. અજયબાબુને પણ વાત કરીશ. દરમિયાનમાં મુઘલાઈ કાળનું તાંબા કે કાંસાનું કોઈ તશ્તરી જેવું વાસણ મળે તો મને ફોન કરીને જણાવજો. ચાલો, આવજો.’ ‘અમારે ત્યાં તો એવું વાસણ કોણ જાણે ક્યારે આવશે, પણ તમે જરા કરીમ ચટાઈવાળાની દુકાનમાં તપાસ કરો. એ લોકોનો સેલ્સમેન તરુણ પટેલ આજે જ મળેલો. કહેતો હતો કે કોઈ ખાનદાની રઈસ કોઠીમાંથી થોડો માલ અમારી દુકાને આવવાનો છે. કદાચ તમને જોઈતું વાસણ ત્યાં મળી જાય.’

‘જોઉ,’ કહીને રાધિકાએ વિદાય લીધી. પછી એણે હિંગોરાણીની દુકાનમાં ડોકિયું કર્યું. પૂછપરછ કરી. તરત જ હિંગોરાણીએ વિનંતી કરી કે નાની નાની ચોરીઓ કરનાર આ બદમાશને પકડી પાડો. જે ફી માગશો તે આપીશું. અમારે આ ચોરીઓ અટકાવવી છે. વિચાર કરો. અમારે ત્યાં મહિનામાં ત્રણ ચોરીઓ થઈ! ‘ભલે,’ રાધિકાએ કહ્યું. ‘હું અજયબાબુને વાત કરીશ. દરમિયાનમાં તમારે ત્યાં મુઘલાઈના જમાનાનું જરાક પહોળું વાસણ જોઈએ છે. કર્નલ વર્માને જન્મદિવસે ભેટ આપવા માટે. મળે તો મને ફોન કરજો.’ ‘એ માટે કરીમ ચટાઈવાળાને ત્યાં અથવા અગરવાલની દુકાને તપાસ કરો, બેન,’ હિંગોરાણીએ સૂચવ્યું. રાધિકા આગળ ચાલી. અગરવાલ, આમ્રપાલી, ગૌરવી વગેરે ત્રણેક દુકાનોમાં તપાસ કરી. મુઘલાઈ તશ્તરી તો ન મળી, પણ એક કેસ સાંભળવા મળ્યો. આ ચોરને પકડી આપો! રાધિકા સમજી ગઈ કે બધે મુકુલભાઈએ ફોન કરી દીધા છે કે રાધિકાને આ અનુરોધ કરો! વિચાર કરતી કરતી એ કરીમ ચટાઈવાળાની એન્ટિક શૉપમાં પહોંચી.

**(વાચકમિત્રો, તમને પણ ઘરને કળામય એન્ટિક ચીજોથી શોભાવવાનો શોખ હશે જ અને એથી તમને આ વાર્તાના આગળના ભાગનો પણ ઈન્તજાર રહેશે. ખેર! હમણાં જોઈએ ગત વાર્તાનો ઉકેલ.)**

## રહસ્યકથા ‘કાળું પાનું’નો ઉકેલ

‘સાંભળો, નામદાર! ફાલ્ગુન બેરા અપરાધી માનસના સજ્જન છે. હરિસિંગના ઇતિહાસમાં કાળું પાનું છે, એવી જાણકારી એમને મળી ગઈ અને એ જાણકારીનો દુરુપયોગ કરવાનું એમણે ઠરાવ્યું. હરિસિંગને ખરાબ રીતે છૂટો કર્યો. ચોકીદારને ભાંગ પિવડાવી. એલાર્મ બેલ કેમ બંધ થાય એ તો પોતે જાણતા જ હોય. અગાઉથી લાવી રાખેલાં ઓજારો વડે તિજોરી તોડીને રકમ પોતાને ઘેર છુપાવી. આરોપ હરિસિંગ પર જ આવે અને સાબિત થાય એ માટે એમણે પાકી જોગવાઈ કરી રાખી હતી. આગલા મહિનાના પગારની કેટલીક નોટો એમણે સેરવી લીધી અને રોજિંદી રોકડમાં ભેળવી દીધી. એ પછી એમણે જ કામ કરવાનું રહ્યું. આગલા મહિનાની બેંકની યાદીના કાગળોની સ્ટેપલ પિન કાઢીને એનું આઠમું પાનું નવા મહિનાની યાદીના આઠમા પાનાની જગ્યાએ ગોઠવી દીધું. એટલે કે નવા મહિનાનું આઠમું પાનું જૂની યાદીમાં ગયું. એટલે જૂના મહિનાની નોટોના નંબર નવા મહિનાની યાદીમાં આવી ગયા. હવે હરિસિંગ અથવા એની વાઇફ પાસેથી જે અગાઉની નોટો મળે તે ‘ચોરાયેલી’ નોટો જ બની રહે! ફાલ્ગુનભાઈએ એવી ગોઠવણ કરી કે ચોરીની નોટોનો દોષ હરિસિંગને માથે આવી જાય!’